તારીખ : 17/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# નદી કિનારે ફાર્મ હાઉસ અને રિસોર્ટ બને એવી જમીન વેચાણ માટે...



* નદી કિનારે પ્રિમિયમ લોકેશન
* તાર ફેન્સીંગ (બારબેડ વાયર)
* ભુંડ જાળી સાથે સંપુર્ણ સુરક્ષિત
* હરિયાળુ અને શાંત વાતાવરણ
* ફાર્મ હાઉસ બનાવવા માટે આદર્શ
* સરળ રસ્તાની કનેકટીવીટી
* પાણી અને વીજળીની સુવિધા ઉપલબ્ધ
* ટાઈટલ કલીયર અને દસ્તાવેજ તૈયાર

પ્રકૃતિનાં સાંનિધ્યમાં અને સુરક્ષિત !

: વધુ માહિતી માટે સંપર્ક :


લાલભાઈ - મો. 98253 83761

કે.ડી. NEWS

તારીખ : 17/07/2026

# સાવરકુંડલા માટે સોનાનો સૂરજ: સુખનેરા ડેમમાં પધાર્યા નર્મદા મૈયાના નીર

## સાવરકુંડલાની જીવાદોરી સમાન નાવલી નાની સિંચાઈ યોજના (સુખનેરા ડેમ) માં લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા 'સૌની યોજના' અંતર્ગત નર્મદાના નીરના વધામણા કર્યા



સાવરકુંડલાના સુખનેરા ડેમમાં આવ્યા નર્મદાના નીર: ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે જળના વધામણા

હવે કુંડલા પંથકના ધરતીપુત્રો માટે સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા બનશે ભૂતકાળ!સાવરકુંડલા, અમરેલી:*અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે આજે સોનાનો સૂરજ ઊગ્યો છે. વર્ષોથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે સાવરકુંડલાની જીવાદોરી સમાન નાવલી નાની સિંચાઈ યોજના એટલે કે સુખનેરા ડેમમાં મહત્વાકાંક્ષી સૌની યોજના' (SAUNI Yojana) અંતર્ગત નર્મદા નદીના પવિત્ર જળ પધરાવવામાં આવ્યા છે. આ ઐતિહાસિક અને હર્ષોલ્લાસના પ્રસંગે સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા દ્વારા પૂજન-અર્ચન સાથે મા નર્મદાના નીરના નીરખામણા અને વધામણા કરવામાં આવ્યા હતા.રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગ દ્વારા ‘સૌની યોજના’ લિંક-૪ ફેઝ-૨ ના કામો અન્વયે સાવરકુંડલાના સુખનેરા ડેમ સુધી પાઈપલાઈન દ્વારા નર્મદાના પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ડેમમાં પાણી છોડાતા જ આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો, અગ્રણીઓ અને સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ડેમ સાઈટ પર ઉમટી પડ્યા હતા. ઉપસ્થિત જનમેદનીએ હર્ષના નારાઓ સાથે વધામણાના પ્રસંગને વધાવી લીધો હતો.ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનુંએ જણાવ્યું હતું કે "આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગુજરાતના સૂકા વિસ્તારોને હરિયાળા બનાવવાનું જે સ્વપ્ન જોયું હતું, તે'સૌની યોજના' આજે સાકાર થઈ રહી છે. સાવરકુંડલાના સુખનેરા ડેમમાં નર્મદા મૈયાના આગમનથી આ વિસ્તારના ખેડૂતોની વર્ષો જૂની સિંચાઈના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આ પાણી માત્ર ડેમ જ નહીં ભરે, પરંતુ ખેડૂતોના નસીબ પણ ચમકાવશે. સંવેદનશીલ રાજ્ય સરકારના સતત સહયોગથી જ આ અશક્ય ભગીરથ કાર્ય આજે શક્ય બન્યું છે.

"સુખનેરા ડેમ (નાવલી નાની સિંચાઈ) નર્મદાના નીરથી લાંબાગાળાના ફાયદાઓ થશે ડેમમાં પાણીનો સંગ્રહ થવાથી આસપાસના કૂવા, બોર અને વાવના પાણીના તળ ઊંચા આવશે.સ્થાનિક ખેડૂતો શિયાળુ અને ઉનાળુ પાક પણ આસાનીથી લઈ શકશે, જેથી આર્થિક સધ્ધરતા વધશે.વિસ્તારના પશુપાલકોને પશુઓ માટે પીવાના પાણી અને લીલા ઘાસચારાની સમસ્યામાંથી મુક્તિ મળશે.આ વધામણાના કાર્યક્રમમાં જિલ્લા ભાજપના પદાધિકારીઓ, સ્થાનિક સહકારી આગેવાનો, તાલુકા અને શહેર સંગઠનના હોદ્દેદારો, જળ સંપત્તિ વિભાગના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક ધરતીપુત્રો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ‘નર્મદે સર્વદે’ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

તારીખ : 17/07/2026


# સાવરકુંડલા: ઈ-નગર પોર્ટલ પર રખડતા આખલાની ફરિયાદ નં. 0182627003209 સ્થળ તપાસ વિના જ "ઉકેલાઈ" દર્શાવી ક્લોઝ: કોર્પોરેટર ધર્મેન્દ્ર મહેતાનો તંત્ર પર આકરો પ્રહાર

## સરકારનું 'ઈ-નગર' પોર્ટલ માત્ર શોભાના ગાંઠિયા સમાન: સાવરકુંડલામાં રખડતા આખલા પકડ્યા વિના જ કાગળ પર ફરિયાદ બંધ કરાઈ!

## ધર્મેન્દ્ર મહેતાનો આક્ષેપ: "અધિકારીઓ પ્રજાને ગણકારતા નથી, પોર્ટલ માત્ર ગુમરાહ કરવાનું સાધન બન્યું" - મુખ્ય નિયામકશ્રીને લેખિત રજૂઆત

સરકાર દ્વારા ડિજિટલાઈઝેશનના મોટા-મોટા બણગાં ફૂંકીને શરૂ કરાયેલું 'ઈ-નગર' (e-Nagar) પોર્ટલ માત્ર પ્રજાને ગુમરાહ કરવા અને સરકારી નાણાંનો વ્યય કરવા માટેનું સાધન બની ગયું છે, તેવું સાવરકુંડલા નગરપાલિકાના કિસ્સામાં સાબિત થયુ છે સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નં. 6 ના જાગૃત સદસ્ય શ્રી ધર્મેન્દ્રભાઈ પી. મહેતા દ્વારા આ અંગે તંત્રની પોલ ખોલતો ઉગ્ર આક્ષેપ કરવામાં આવ્યો છે.વિગતો મુજબ, સાવરકુંડલા શહેરમાં લાંબા સમયથી રસ્તાઓ પર રખડતા આખલાઓનો આતંક ફેલાયેલો છે, જેના કારણે નાગરિકોમાં ભયનો માહોલ છે. આ મામલે સદસ્ય ધર્મેન્દ્રભાઈ મહેતાએ ઈ-નગર પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ નં. 0182627003209 નોંધાવી રખડતા આખલાઓને પકડી પાંજરે પૂરવા રજૂઆત કરી હતી.પરંતુ નગરપાલિકાના સંબંધિત અધિકારીઓ અને તંત્રએ કોઈ પણ પ્રકારની કામગીરી કર્યા વિના, સ્થળ પર આવ્યા વગર જ માત્ર કમ્પ્યુટર અને કાગળ પર જાદુઈ રીતે કામગીરી દર્શાવી આ ફરિયાદને 'સફળતાપૂર્વક ઉકેલાઈ ગઈ છે' તેમ કહી ક્લોઝ કરી દીધી છે.

આ બાબતે જનતામાં ભારે હાસ્ય અને રોષ બંને ફેલાયો છે.ધર્મેન્દ્રભાઈ મહેતાનો આક્રોશ: "અધિકારીઓ અને પદાધિકારીઓ પ્રજાને ગણકારતા નથી. કાગળ પર આખલા પકડાઈ ગયા પણ રસ્તા પર તો હજુ એ જ આતંક યથાવત છે! આ પોર્ટલ માત્ર શોભાનો નમૂનો છે. જો તંત્ર ઓનલાઈન સિસ્ટમના નામે આવી જ લાલિયાવાડી ચલાવવાનું હોય તો તાત્કાલિક ધોરણે આ પોર્ટલ બંધ કરવું જોઈએ."આ મામલે સદસ્યશ્રી દ્વારા ગાંધીનગર વહીવટી નગરપાલિકાના મુખ્ય નિયામકશ્રીને લેખિત રજૂઆત કરી નગરપાલિકાના એસી કેબિનોમાં બેસીને કાગળ પર ઘોડા દોડાવતા જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવા માંગ કરી છે.



નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 17/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સ્ટાફ જોઈએ છે...

## મેડીકલ ઓફીસર
## અનુભવી BAMS/DHMS

## નર્સીંગ સ્ટાફ
## ડે ટાઈમ-2 (F/M)
## નાઈટ ટાઈમ-1 (M)

: સંપર્ક :

## ડો. જીતેન્દ્ર પીપલીયા
(એમ.ડી.)

રૂબરૂ મળવાનો સમય : બપોરે ૧ થી ૨

મહુવારોડ, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 17/07/2026

# સાવરકુંડલા માં સૌ પ્રથમ વખત શ્રી જગન્નાથ રથયાત્રા







શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જેસર રોડ દ્વારા સાવરકુંડલા શહેરમાં સૌપ્રથમ વખત રથયાત્રાનું સુંદર આયોજન થયું જેમાં સૌપ્રથમ શ્રી જગન્નાથ ભગવાનની પૂજા અર્ચના તેમજ આરતી સંસ્થાન કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્ત દાસજી સ્વામી એ તથા ડાયરેક્ટર શ્રી વ્યાસ સાહેબ તેમજ ભાજપ અગ્રણી શ્રી જીવનભાઈ વેકરીયા તથા હરેશભાઈ મહેતા દ્વારા કરવામાં આવી સાથે સાથે સુંદર નૃત્ય તથા ભજનનું સુંદર આયોજન આચાર્ય શ્રી કૌશિકભાઈ ગોસ્વામી દ્વારા રજૂ થયું. ત્યારબાદ દિવ્ય રથયાત્રા જેસર રોડ મુખ્ય માર્ગ પર પ્રસ્થાન કરી ગરીબ લોકોના આવાસ સુધી પહોંચી ત્યાં તેમને વસ્ત્રદાન તેમજ શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી તેમજ સમર્પણ ગૌશાળામાં ગાય માતાને ઘાસચારો આપી વિદ્યાર્થીઓએ અલૌકિક લાભ લીધો ખાસ આ રથયાત્રામાં શિક્ષણ કીટ માટે શાળા નંબર 6 ના આચાર્ય શ્રી રસિકભાઈ ઘડુક તેમજ વસ્ત્રદાન માટે રાજસ્થાન કટપીસ સેન્ટર ના પોપટ પરિવાર તરફથી યોગદાન મળ્યું તેમજ ગાય માતાના ઘાસચારા માટે શ્રી યોગેશભાઈ લશ્કરી અને વિશાલભાઈ કાબરીયાએ સહયોગ આપ્યો હતો. ભગવાન જગન્નાથ ની આ રથયાત્રાની લોકોએ ઠંડા પાણીની બોટલો તેમજ શરબત બિસ્કીટ ચોકલેટ વગેરે આપી બાળકોને તેમજ ભગવાન જગન્નાથને વધાવ્યા હતા લોકોમાં અનેરો ઉત્સાહ અને આકર્ષણ બાળ જગન્નાથ એવા શાળાના વિદ્યાર્થી વિરુ એ આકર્ષણ જન્મ્યું હતું.

કે.ડી. NEWS

તારીખ : 17/07/2026

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા યોજાયો જગન્નાથ મહોત્સવ



શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ કોલેજ રોડ ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થા અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ ના બાલ ભુલકાઓ દ્વારા જગત ના નાથ ભગવાન જગન્નાથ ની નાની શોભા યાત્રા ગુરુકુળ પરિસર માં યોજવામાં આવી જેમાં સંસ્થા ના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી નાં આશીર્વાદ સાથે સંસ્થા નાં મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી અને સંસ્થા નાં ડાયરેક્ટર તથા ગુરુકુળ શાળા ના તમામ આચાર્ય શ્રી, શિક્ષણ ગણ સહ કર્મચારીઓ સહિત તમામ વિદ્યાર્થીઓ એ હાજર રહી જગન્નાથ ભગવાન ની શોભા યાત્રા માં સામેલ થયા હતા. સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી એ દીપ પ્રગટાવી, આરતી કરી શોભા યાત્રા ને પ્રસ્થાન કરી હતી. બાલ ભુલકાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ નૃત્ય તથા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.આ તમામ કાર્યક્રમ માટે શાળા ના આચાર્ય, શિક્ષક શ્રી ઓ એ જહેમત ઉઠાવી હતી.





નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જારની કડબ વેચવાની છે...

## ૨ નંગ કાઉન્ટર વેચવાના છે..

: સંપર્ક :

મો. 73831 90559

સાવરકુંડલા

K.D. NEWS

તારીખ : 17/07/2026

# સુરતમાં પીઠવડી ગામની દીકરીઓનો અનોખો સંગમ : સાસરે ગયેલી દીકરીઓનું ભવ્ય સ્નેહમિલન યોજાયું



મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામની અને હાલ વિવિધ શહેરો તથા ગામોમાં સાસરે વસેલી દીકરીઓનું એક ભવ્ય અને લાગણીસભર "સ્નેહમિલન" સુરત શહેર મધ્યે યોજાઈ ગયું. વર્ષો પછી પિયરની બહેનપણીઓ અને ગામની દીકરીઓ એકબીજાને મળતા સુરતમાં પીઠવડી ગામની અનોખી ગુંજ સંભળાઈ હતી.આજની આ ભાગદોડ ભરેલી જિંદગી અને સામાજિક જવાબદારીઓ વચ્ચેથી સમય કાઢીને સુરત ખાતે એકઠી થયેલી દીકરીઓ પોતાના બાળપણની મધુર યાદોમાં ખોવાઈ ગઈ હતી. કોઈના માથે જવાબદારીનો પાલવ હતો, તો કોઈના ચહેરા પર ઉંમરની રેખાઓ... પરંતુ જેવી બધી બહેનપણીઓ એકબીજાને ભેટી, ક્ષણભરમાં જ બધા ચહેરા પરથી 'મોટા હોવાનો' ભાર હળવો થઈ ગયો હતો અને સૌ કોઈ ફરીથી પીઠવડીની શેરીઓમાં રમતી નાની બાળાઓ બની ગઈ હતી.આ પ્રસંગે દીકરીઓએ ભાવુક થઈને જણાવ્યું કે, "ગામ છોડ્યું, ઘર છોડ્યું, પણ પીઠવડીની એ ધૂળ આજેય શ્વાસમાં વસે છે; સાસરિયે ગમે તેટલો વૈભવ હોય, પણ દીકરીનું દિલ તો પિયરના ચોકમાં જ હસે છે." પ્રાથમિક શાળાના એ સોનેરી દિવસો, આંબલી-પીપળીની રમતો અને ઢીંગલા-ઢીંગલીના લગ્નની બાળપણની વાતો યાદ કરી સૌ ભાવુક બન્યા હતા, દીકરીઓએ એકબીજા સાથે લગ્નજીવન અને વર્તમાન સમયની સુખ-દુ:ખની વાતો વહેંચી હતી અને બાળપણના તોફાનો વાગોળીને ખડખડાટ હાસ્ય રેલાવ્યું હતું, સુરત ખાતે પધારેલી તમામ દીકરીઓનું કુમકુમ તિલક કરી પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું,

પીઠવડીના યુવા સરપંચ ભૌતિક સુહાગીયા એ આ પહેલ કરનારી બહેને ને ખૂબ અભિનંદન પાઠવ્યા હતા, અને ભવિષ્યમાં પણ આવા સ્નેહમિલન યોજાતા રહે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી...

કે.ડી. NEWS

તારીખ : 17/07/2026

# અમરેલીમાં 'યુવા આપદા મિત્ર' સાત દિવસીય નિવાસી તાલીમનો પ્રારંભ



ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) અને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA)ના સંયુક્ત ઉપક્રમે 'યુવા આપદા મિત્ર સ્કીમ' (YAMS) અંતર્ગત અમરેલી જિલ્લાના પોલીસ હેડક્વાર્ટર સ્થિત જિલ્લા તાલીમ કેન્દ્ર ખાતે સાત દિવસીય નિવાસી તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.સ્પીપાના પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, ભાવનગર તથા જિલ્લા કલેક્ટર કચેરી, અમરેલીના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના સંકલનથી યોજાયેલા આ તાલીમ કાર્યક્રમમાં નેશનલ સર્વિસ સ્કીમ (NSS)ના ઉત્સાહી સ્વયંસેવકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ તાલીમનો શુભારંભ કર્યો હતો.આગામી સાત દિવસ દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રના અનુભવી નિષ્ણાતો દ્વારા સ્વયંસેવકોને વિવિધ વિષયો પર સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. તાલીમમાં પૂર, વાવાઝોડું, ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન અનુસરવાની સલામતીની પ્રક્રિયાઓ, બચાવ અને રાહત કામગીરીની પદ્ધતિઓ, સીપીઆર (C P R ) જેવી જીવનરક્ષક પ્રાથમિક સારવાર, સાપ તથા અન્ય ઝેરી પ્રાણીઓના કરડવાના કિસ્સામાં તાત્કાલિક સારવાર, તેમજ બેઝિક સર્ચ એન્ડ રેસ્ક્યુ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત વિવિધ વિષયોના પ્રેક્ટિકલ ડેમો દ્વારા સ્વયંસેવકોને વાસ્તવિક પરિસ્થિતિમાં કામગીરી માટે સજ્જ કરવામાં આવશે.તાલીમ પૂર્ણ થયા બાદ 'યુવા આપદા મિત્રો' સ્થાનિક સ્તરે સર્જાતી વિવિધ આપત્તિઓ દરમિયાન જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપી અસરકારક બચાવ અને રાહત કામગીરીમાં સક્રિય ભૂમિકા ભજવી શકશે.

આ તાલીમથી સ્વયંસેવકોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની સમજ, કાર્યકુશળતા, નેતૃત્વ અને સેવાભાવનાનો વિકાસ થશે, જેના પરિણામે આપત્તિના સમયે અમૂલ્ય માનવજીવનના રક્ષણમાં તેઓ મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે.

તારીખ : 17/07/2026


# શેલણા ગામના વિદ્યાર્થીઓને મચ્છર જન્ય રોગો નિવારણ અંગે માર્ગદર્શન અપાયું



સાવરકુંડલા તાલુકાના શેલણા પ્રાથમિક શાળામાં ડેન્ગ્યુ માસ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો પાણી ભરાયેલા સ્થળો દૂર રાખવા અને સ્વચ્છતા જાળવવા કહ્યું હતુસાવરકુંડલા તાલુકાના શેલણા ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ડેગ્યૂ માસની ઉજવણી અંતર્ગત મચ્છર જન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.હાલમાં મોન્સૂન દરમિયાન ડેગ્યૂ સહિતના રોગોનો પ્રસાર વધતો હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા શાળા સ્તરે જાગૃતિ ફેલાવવા માટે આવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આયુષ મેડિકલ ઓફિસર ડોક્ટર ડૉ પારઘી સાહેબ તેમજ ડૉ પરીબ સાહેબ અને સુપરવાઈઝર મુકુંદભાઈ ખુમાણ ના માર્ગદર્શન હેઠળ હિંમતભાઈ પરમાર  દ્વારા વિદ્યાર્થીઓને ડેંગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોના લક્ષણો, ફેલાવાના કારણો તેમજબચાવના ઉપાયો વિશે વિગતવાર માહિતી આપી હતી. સાથે જ પાણી ભરાયેલા સ્થળો દૂર રાખવા, સ્વચ્છતા જાળવવા અને ગપ્પી ફિશનિદર્શન કરાવેલ તેમજ તેના ઉપયોગ દ્વારા મચ્છર નિયંત્રણ અંગે પણ સમજણ આપવામાં આવી હતી.તેમજ અનેક ઘેરો મા ગપ્પી ફિશ મુકવાની કામગીરી પણ કરવામાં આવેલ.ગામના વિદ્યાર્થીઓને પોતાના ઘર અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવી રાખવા તેમજ પરિવારજનો અને સમાજમાં પણ ડેગ્યૂ નિવારણ અંગે જાગૃતિ ફેલાવવા પ્રેરિત કરાયા હતાં. તેમજ આરોગ્ય ની ટીમો બનાવી ગામ મા વરસાદી પાણી ભરાયેલા ખાડા ખાબોસિયા મા બળેલું ઓઈલ નાખવામા આવેલ...



નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 17/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ડે.ડે NEWS

તારીખ : 17/07/2026

# ખડખડ ખાતે પરમ પૂજ્ય સંત શ્રી વેલનાથ બાપુના બીજ ઉત્સવમાં ભક્તિભાવનો મહાસંગમ




પરમ પૂજ્ય સંત શ્રી વેલનાથ બાપુની પવિત્ર જગ્યા ખડખડ ખાતે સંત શિરોમણી શ્રી વેલનાથ બાપુ ની જન્મ જયંતી નિમિત્તે અને અષાઢી બીજ નિમિત્તે ભવ્ય બીજ ઉત્સવનું શ્રદ્ધા, આસ્થા અને ભક્તિભાવ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી પરમ પૂજ્ય વેલનાથ બાપુના ચરણોમાં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ ધાર્મિક મહોત્સવમાં ગુજરાત રાજ્ય સરકારના માનનીય મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સમાજના અગ્રણી મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન સર્વે મહાનુભાવોએ પરમ પૂજ્ય વેલનાથ બાપુના ચરણોમાં વંદન કરી રાજ્ય અને દેશની



સુખાકારી, સમૃદ્ધિ, શાંતિ તેમજ સર્વજન કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર પરિસર ભજન-કીર્તન, સંતવાણી અને ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

પ્રચાર નહીં તો વેપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

## તમારા બિઝનેસ લોગો અને ડિજિટલ સાથે

# પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ માટે

બેસ્ટ ઓફર

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ +
1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે




- ફેસ્ટીવલ ઇમેજ
- ગુડ મોર્નિંગ પોસ્ટ
- ગુડ નાઇટ પોસ્ટ
- બર્થ ડે પોસ્ટ
- પોલીટીકલ પોસ્ટ
- સુવિચાર પોસ્ટ
- મોટીવેશનલ પોસ્ટ
- સ્પેશ્યલ કેટેગરી

સુપ્રસિદ્ધ સ્થાનીક સંતો મહંતોના જન્મ જયંતી તેમજ જન્મદિવસની પોસ્ટ સમાવેશ

2 દિવસે ડેમો ફ્રી

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ
તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....




દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બસીપ લીધેલ)
આકર્ષક ગીફટ આપવામાં આવશે.

તો આજેજ કૉલ કરો અને ઓફરનો લાભ લો!

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક કરો Mo. 9409545745

તારીખ : 17/07/2026

# જાફરાબાદમાં તળપદા કોળી સમાજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનું સન્માન કરાયું



અમરેલી જિલ્લાના જાફરાબાદમાં શ્રી તળપદા કોળી સમાજ દ્વારા વર્ષ 2026નો વિદ્યાર્થી સન્માન સમારોહ ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને સન્માનિત કરીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં સમાજના આગેવાનો,વિવિધ ક્ષેત્રોમાં સેવા આપતા સમાજના પ્રતિનિધિઓ, દાતાઓ, વડીલો, માતાઓ, બહેનો તેમજ મોટી સંખ્યામાં સમાજજનોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનું મનોબળ પણ વધાર્યું હતું. અને વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ખૂબ સફળતા પ્રાપ્ત કરે તેવી પણ શુભકામના પાઠવવામાં આવી હતી.કાર્યક્રમના સફળ આયોજનમાં સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ અને ઉપસ્થિત સૌનો શ્રી તળપદા કોળી સમાજ, જાફરાબાદ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તારીખ : 17/07/2026

# અષાઢી બીજે મોટી કુંકાવાવમાં ભક્તિભાવથી નીકળી ભવ્ય રથયાત્રા







અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ ખાતે બજરંગ ગૌશાળા દ્વારા ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું ભક્તિમય વાતાવરણ વચ્ચે આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહના રંગે રંગાઈ ગયું હતું.આ પાવન રથયાત્રામાં ગુજરાત રાજ્ય સરકારના માનનીય મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે વિવિધ રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, ધાર્મિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ ભગવાન શ્રી જગન્નાથજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.રથયાત્રા દરમિયાન ભગવાનના જયઘોષ, ભજન-કીર્તન અને હરિધૂનથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. માર્ગભરમાં શ્રદ્ધાળુઓએ પુષ્પવર્ષા કરી ભગવાન શ્રી જગન્નાથજીનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સફળ આયોજન બદલ બજરંગ ગૌશાળાના આયોજકો અને સેવાભાવી કાર્યકરોની સૌએ પ્રશંસા કરી હતી.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન શ્રી જગન્નાથજીના ચરણોમાં પ્રાર્થના વ્યક્ત કરી હતી કે તેમના આશીર્વાદથી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી કલ્યાણ વરસતું રહે તેમજ સમાજમાં એકતા, ભક્તિ, સેવા અને સદભાવનાની ભાવના સતત પ્રબળ બનતી રહે.અષાઢી બીજના આ પવિત્ર અવસરે યોજાયેલી રથયાત્રાએ મોટી કુંકાવાવમાં ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને સાંસ્કૃતિક પરંપરાનું સુંદર દૃશ્ય સર્જી સૌના હૃદયમાં અવિસ્મરણીય છાપ છોડી હતી.

તારીખ : 17/07/2026

# સંતશ્રી જય વેલનાથ બાપુની જન્મ જયંતિ નિમિતેબાબરામાં વિરાટ શોભાયાત્રા યોજાઈઃ મહાપ્રસાદ સહિત કાર્યક્રમો



16 જુલાઈ 2026 ગુરૂવાર અષાઢી બીજના પાવન અવસરે સંત શ્રી જય વેલનાથ બાપુની જન્મજયંતિ નિમિત્તે બાબરામાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જય વેલનાથ પ્રગતિ મંડળ, બાબરાદ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા સતત ૧૧ વર્ષથી બાબરામાં વેલનાથ બાપુની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.જે ધાર્મિક આસ્થા અને ભક્તિનું પ્રતિક બની ગઈ છે. શોભાયાત્રાનો પ્રારંભ વેલનાથ બાપુના મંદિરેથી કરવામાં આવ્યો હતો. શોભાયાત્રા ચિતલ રોડ, નાના બસસ્ટેન્ડ, મેઈન બજાર, નાગરિક બેંક ચોક, મોટા બસ સ્ટેન્ડ અને ધૂડીયા પ્લોટ સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ફરી વેલનાથ બાપુના મંદિરે પહોંચી પૂર્ણ થઈ હતી.

સમગ્ર શોભાયાત્રા દરમિયાનભક્તોએ જયઘોષ, ભજન-કીર્તન અને ભક્તિમય વાતાવરણ વચ્ચે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. માર્ગમાં અનેક સ્થળોએ ભક્તો દ્વારા શોભાયાત્રાનું પુષ્પવર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરનું વાતાવરણવેલનાથ બાપુના જયઘોષથી ગુંજી ઉઠયું હતું.



શોભાયાત્રા પૂર્ણ થયા બાદ વેલનાથ બાપુના મંદિરે મહાપ્રસાદ (ભોજન પ્રસાદ)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાબરા શહેર તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી પ્રસાદનો લાભલીધો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જય વેલનાથ પ્રગતિ મંડળના હોદ્દેદારો, કાર્યકરો તેમજ સેવાભાવી યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ભક્તોના ઉત્સાહ અને સહભાગિતાથી જન્મજયંતિ મહોત્સવ ભક્તિમય અને યાદગાર બન્યો હતો. વેલનાથ બાપુ ના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ હતી.

તારીખ : 17/07/2026

# લોકનાયક ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

ગુજરાતની અસ્મિતા અને મહાગુજરાત આંદોલનના પ્રખર નેતા લોકનાયક ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિ નિમિત્તે આજે સમગ્ર રાજ્યમાં તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.ઈન્દુલાલ યાજ્ઞિકે પોતાના સમગ્ર જીવનને જનસેવા, સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાતના હિત માટે સમર્પિત કર્યું હતું. તેઓ મહાગુજરાત આંદોલનના મુખ્ય શિલ્પી તરીકે ઓળખાય છે. તેમના અવિરત સંઘર્ષ, દૃઢ નેતૃત્વ અને લોકહિતના કાર્યને કારણે ગુજરાતને અલગ રાજ્ય તરીકે સ્થાપિત કરવામાં ઐતિહાસિક યોગદાન મળ્યું.તેઓએ ખેડૂતો, શ્રમિકો અને સામાન્ય નાગરિકોના હકો માટે સતત અવાજ ઉઠાવ્યો હતો. રાષ્ટ્રપ્રેમ, નિઃસ્વાર્થ સેવા અને લોકકલ્યાણ પ્રત્યેની તેમની અડગ પ્રતિબદ્ધતા આજે પણ સૌ માટે પ્રેરણાસ્ત્રોત છે.ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિના અવસરે વિવિધ સામાજિક, શૈક્ષણિક અને રાજકીય સંસ્થાઓ દ્વારા તેમના જીવનચરિત્ર અને યોગદાનને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા. વક્તાઓએ જણાવ્યું હતું કે નવી પેઢીએ તેમના જીવનમૂલ્યો, રાષ્ટ્રપ્રેમ અને જનસેવાના આદર્શોને આત્મસાત કરીને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય યોગદાન આપવું જોઈએ.આ પ્રસંગે ઉપસ્થિત સૌએ લોકનાયક ઈન્દુલાલ યાજ્ઞિકને નમન કરી તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.



તારીખ : 17/07/2026

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા દ્વારા IKS સેમેસ્ટર-1 માટે AI ચેટબોટ લોન્ચ

*સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા ખાતે વિદ્યાર્થીઓના અભ્યાસને વધુ સરળ, આધુનિક અને ટેકનોલોજી આધારિત બનાવવા માટે હિન્દી વિભાગ દ્વારા એક નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. ભારતીય જ્ઞાન પરંપરા (Indian Knowledge System – IKS) સેમેસ્ટર–1ના વિદ્યાર્થીઓ માટે વિશેષ AI આધારિત "IKS Hindi Bot" ચેટબોટ તૈયાર કરવામાં આવ્યો છે.આ ચેટબોટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાન પરંપરા અને સંત કબીર સંબંધિત અભ્યાસક્રમના વિષયો અંગે સરળ, વિશ્વસનીય અને ત્વરિત માહિતી ઉપલબ્ધ કરાવવાનો છે. હવે વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ ફોન દ્વારા IKS Hindi સેમેસ્ટર–1ના અભ્યાસક્રમને લગતા કોઈપણ પ્રશ્નો સરળતાથી પૂછી શકશે અને ચેટબોટ તેમને શુદ્ધ તથા સરળ હિન્દીમાં સચોટ અને તાત્કાલિક જવાબ આપશે.આ AI ચેટબોટમાં સેમેસ્ટર–1ના અભ્યાસક્રમને અનુરૂપ માહિતી, નોંધો, મહત્વપૂર્ણ પ્રશ્નો, ભારતીય જ્ઞાન પરંપરા, સંત કબીરના વિચારો અને અન્ય સંબંધિત શૈક્ષણિક સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયનની ભાવના વિકસાવવાનો તથા કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence)ના ઉપયોગ દ્વારા અભ્યાસને વધુ અસરકારક બનાવવાનો છે.વિદ્યાર્થીઓ માટે ચેટબોટનો ઉપયોગ ખૂબ જ સરળ છે.કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને સૂચના આપવામાં આવી છે કે આ ચેટબોટ ખાસ



કરીને I K S સેમેસ્ટર–1 (I n d i a n Knowledge System) માટે તૈયાર કરવામાં આવ્યો છે, તેથી તેઓ માત્ર તે વિષયને લગતા પ્રશ્નો જ પૂછે.આ નવીન શૈક્ષણિક પહેલ હિન્દી વિભાગના ડૉ. મહેશ વાઘેલા, આસિસ્ટન્ટ પ્રોફેસર (હિન્દી વિભાગ) તથા કો-ઓર્ડિનેટર, સાયબર ક્લબના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવી છે. કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ (GES-I) ના માર્ગદર્શન અને પ્રેરણાથી વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણ સાથે જોડવાનો આ મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે.આ પહેલ દ્વારા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા ટેકનોલોજી આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપતાં વિદ્યાર્થીઓને આધુનિક, સુલભ અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. વિદ્યાર્થીઓએ આ AI ચેટબોટનો મહત્તમ ઉપયોગ કરીને પોતાના અભ્યાસને વધુ અસરકારક બનાવવો તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 17/07/2026

# કૌશલ્યને મળ્યું સન્માન : અમરેલી જિલ્લા રોજગાર ભરતીમેળામાં ત્રણ પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા રેકોર્ડ બ્રેક પસંદગી



## ૭૬ યુવાનોને મળી કારકિર્દીની નવી દિશા, 'અનુબંધમ' પોર્ટલ બન્યું આશીર્વાદરૂપ

અમરેલી તા. ૧૭ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તક કાર્યરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલો રોજગાર ભરતીમેળો સ્થાનિક યુવાનો માટે સાચા અર્થમાં સફળતાની ગાથા સાબિત થયો છે.તા. ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવારના રોજ આઈ.ટી.આઈ., લાઠી રોડ, અમરેલી ખાતે ડિજિટલ 'અનુબંધમ' પોર્ટલના માધ્યમથી આ સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ મેળામાં શીતલ કૂલ પ્રોડક્ટ્સ લિમિટેડ (અમરેલી), ક્રેડિટ એક્સેસ ગ્રામીણ લિમિટેડ (સાવરકુંડલા) અને HDFC Life ઈન્સ્યોરન્સ (અમરેલી) જેવી ત્રણ પ્રતિષ્ઠિત કંપનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.રોજગારીની સુવર્ણ તક ઝડપી લેવા માટે જિલ્લાના આશરે ૯૦ જેટલા ઉત્સાહી ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. આઈ.ટી.આઈ. અમરેલીના પ્લેસમેન્ટ ઓફિસર, ત્રણેય કંપનીઓના એચ.આર. મેનેજર્સ તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના કેરિયર કાઉન્સેલર શ્રી કૌશિક વાઘેલાએ હાજર રહીને યુવાનોને યોગ્ય દિશાસૂચન અને જરૂરી ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સચોટ કાઉન્સેલિંગ અને પારદર્શક ભરતી પ્રક્રિયાના પરિણામે ઉપસ્થિત ઉમેદવારોમાંથી રેકોર્ડબ્રેક ૭૬ યુવાનોની વિવિધ જગ્યાઓ માટે પ્રાથમિક પસંદગી (Primary Selection) કરવામાં આવી હતી.સ્થાનિક સ્તરે જ રોજગારી મળતા યુવાનો અને તેમના પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. જિલ્લા રોજગાર કચેરીએ આગામી સમયમાં પણ આવા વધુ ને વધુ રોજગારલક્ષી મેળાઓ યોજીને અમરેલીના યુવાધનને સ્વનિર્ભર બનાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 17/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"શરીરનેપૌષ્ટિક દ્રવ્યો કદાચ પસંદ છે, પણ મનને તો સ્વાદિષ્ટ દ્રવ્યો જ જામે છે. પણ સબૂર ! વિચારોની બાબતમાં મનની સ્થિતિ ન સમજી શકાય તેવી છે. એને સડેલા અને ગંદા વિચારો જ ગમે છે. નિંદા એનું જ પરિણામ છે ને ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 17/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


gurutattva 3m

# माध्यम की डायरी से

आत्मा

"जिवन्त परमात्मा" की धारणा केवल और केवल भारतीय संस्कृती मे ही है।

बाबास्वामी
17/7/2026



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

**મિત્ર:** "તું એટલો ખુશ કેમ છે?"
બીજો: "આજે પત્નીએ કહ્યું, 'તમે સાચા હતા!'" મિત્ર: "પછી?" બીજો: "પછી એલાર્મ વાગી ગયું... સ્વપ્ન તૂટી ગયું!"...

**મિત્ર:** "તારો ફોન કેમ હંમેશા Silent પર હોય છે?"
બીજો: "કારણ કે લોનવાળા પણ શાંતિથી રહે અને હું પણ!".....

**ડોક્ટર:** "તમારે ચાલવાનું વધારે કરવું."
દર્દી: "હું તો દરરોજ ઓફિસમાં બોસની પાછળ જ ચાલું છું!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 17/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 17 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૯૦૨ – વિલિસ કેરિયરે બફેલો, ન્યૂ યોર્ક ખાતે પ્રથમ એર કન્ડિશનર બનાવ્યું.

૧૯૧૭ – રાજા જ્યોર્જ પાંચમાએ એક ઘોષણા પત્ર દ્વારા બ્રિટિશ રોયલ પરિવારના પુરુષ વંશજોને વિન્ડસર અટક ધારણ કરવા ફરમાન કર્યું.

૧૯૧૯ – ફિનલેન્ડ પ્રજાસત્તાકમાં સરકારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી. આ કારણોસર, ૧૭ જુલાઈને ફિનલેન્ડમાં લોકશાહી દિવસ તરીકે ઓળખવામાં આવે છે.

૧૯૫૫ – વૉલ્ટ ડિઝનીએ કેલિફોર્નિયાના એનાહીમમાં ડિઝનીલેન્ડ ખુલ્લુ મૂકવામાં આવ્યું.

૧૯૭૫ – એપોલો–સોયુઝ પરિયોજના: અમેરિકન એપોલો અને સોવિયેત સોયુઝ અવકાશયાન ભ્રમણકક્ષામાં સંયુક્ત રીતે છોડવામાં આવ્યા.

૧૯૮૪ – અમેરિકામાં મદ્યપાન અધિકારની વયમર્યાદા ૧૮થી વધારીને ૨૧ કરવામાં આવી.

૧૯૯૬ – તમિલનાડુના તત્કાલીન મુખ્યમંત્રી એમ. કરુણાનિધિએ રાજ્ય વિધાનસભામાં જાહેરાત કરી કે મદ્રાસની રાજ્યની રાજધાની આજથી ચેન્નાઈ તરીકે ઓળખાશે.

૧૯૯૮ – એક રાજદ્વારી પરિષદમાં આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતના રોમ કાયદાને અપનાવવામાં આવ્યો. જેમાં વ્યક્તિઓ પર નરસંહાર, માનવતા વિરુદ્ધના ગુનાઓ, યુદ્ધ અપરાધો અને આક્રમણના ગુના માટે કેસ ચલાવવા માટે કાયમી આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના કરવામાં આવી.

૨000 – લોક નાયક જયપ્રકાશ એરપોર્ટ પર ઉતરાણ દરમિયાન એલાયન્સ એર ફ્લાઈટ ૭૪૧૨ અચાનક પટનાના રહેણાંક વિસ્તારમાં તૂટી પડ્યું, જેમાં ૬૦ લોકો માર્યા ગયા.

**જન્મ**

૧૪૮૭ – ઈસ્માઈલ પહેલા, ઈરાનના સફવી રાજવંશના સ્થાપક (અ. ૧૫૨૪)

૧૯૪૫ – નિર્મલ જીત સિંઘ સેખોં, પરમવીર ચક્ર વિજેતા ભારતીય વાયુસેનાના અફસર (અ. ૧૯૭૧)

૧૯૫૮ – હર્ષદ ત્રિવેદી, ગુજરાતી કવિ, લઘુકથા લેખક, વિવેચક અને સંપાદક

**અવસાન**

૧૭૯૦ – આદમ સ્મિથ, સ્કોટિશ ફિલસૂફ અને આધુનિક અર્થશાસ્ત્રના પિતામહ તરીકે ઓળખાતા રાજકીય અર્થશાસ્ત્રી (જ. ૧૭૨૩)

૧૯૦૫ – નંદશંકર મહેતા, ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કરણ ઘેલો માટે ખ્યાત ગુજરાતી લેખક (જ. ૧૮૩૫)

૧૯૭૨ – ઈન્દુલાલ યાજ્ઞિક, ગુજરાતના સમાજશાસ્ત્રી, આત્મકથાકાર, નાટ્યકાર, નવલકથાકાર (જ. ૧૮૯૨)

૨૦૦૫ – ડૉ. આઈ. જી. પટેલ, ભારતીય અર્થશાસ્ત્રી અને સનદી અધિકારી, રીઝર્વ બેંકના ગવર્નર (જ. ૧૯૨૪)

**તહેવારો અને ઉજવણીઓ**

આંતરરાષ્ટ્રીય ન્યાય દિન

તારીખ : 17/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી


## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 17/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 17/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 52K | 34K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**